# વાતાવરણના પલ્ટાથી ખાનગી દવાખાના ઉભરાયા : મોડી રાત સુધી કતારો જોવા મળી

## નગરમાં શરદી, ખાસી, તાવ, ઉધરસ સહિતના દર્દીઓ વધ્યા : ડોક્ટરોએ મોડી રાત સુધી એપોઈમેન્ટ આપી

ગાંધીનગર, તા. ૨૮

રાજ્ય અને જિલ્લામાં બિમારીએ માજા મુકી છે. સ્વાઈન ફ્લુ રોગના કહેરથી માંડ-માંડ નાગરિકો બહાર આવી રહ્યા છે. શહેરના હવામાનના કારણે ઘેર-ઘેર બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. શહેરના તબીબો બે-ત્રણ દિવસથી હવામાનમાં આવેલા અચાનક પલ્ટાથી વાઈરલ ફીવરના કેસો વધવા પામ્યા છે. સવારે સ્વેટર, બપોરે એસીની ઠંડી હવા અને રાત્રે વાદળીયુ વાતાવરણથી દર્દીઓ વધવા પામ્યા છે.

દર્દીઓ વધવાથી નગરના ડૉક્ટરોના દવાખાના



ત્યાં મોડી રાત સુધી ઓપીડી ચાલુ રહે છે. દર્દી ફોન કરીને એપોઈમેન્ટ માંગે છે. ત્યારે રાત્રે અગિયાર સુધી સમય આપે છે. અને લાંબી લાંબી કતારો જોવા મળી રહી છે.

રાજ્યમાં છેલ્લા બે એક મહિનાથી સ્વાઈન ફ્લુ રોગે અડ્ડો જમાવ્યો છે. દરરોજ ક્યાક ને ક્યાંક નાગરિક સ્વાઈન ફ્લુમાં સપડાય છે, તેના કારણે દર્દીઓ સિવિલ, ખાનગી દવાખાના અને આરોગ્ય કેન્દ્રોમાં ઉભરાઈ રહ્યા છે. દર્દીઓ ઓછા થવાની જગ્યાએ વધી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં આવેલા ખાનગી દવાખાના દર્દીઓથી ઉભરાવા લાગ્યા છે. પાટનગરમાં છેલ્લા મોડી રાત સુધી ધમધમવા લાગ્યા છે. પેશન્ટને તાવ, શરદી, ખાંસી, સહિતના રોગોથી મુક્ત થવા માટે રાત્રીના ૧૨ સુધી કતારોમાં બેસીને દવા કરાવવી પડે છે. તેની સાથે સાથે આર્થિક પટકો પણ પડી રહ્યો છે.

નગરમાંશનિવારે તાપમાનમાંપણ ફેરફાર જોવા મળ્યો હતો. સવારે ૫૨ ટકા ભેજ અને સાંજે ૩૧ ટકા ભેજ નોંધાવા પામ્યો છે. તેમજ તાપમાન મહત્તમ ૩૧.૫ ડિગ્રી અને લઘુત્તમ ૧૪.૩ ડિ.સે. નોંધાવા પામ્યુંછે. તાપમાનમાં સવાર અને સાંજે મોટો તફાવત જોવા મળ્યો છે. તેના કારણે દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે.

# દિપેનના આપઘાત પ્રકરણમાં આર્મ્સ એક્ટનો ગુનો દાખલ

## હથિયાર ક્યાંથી આવ્યુ હતુ તેની તપાસ એસ.ઓ.જી.એ શરૂ કરી

ગાંધીનગર, તા. ૨૮

શાહપુર-લવારપુર માર્ગ પરની ગુજરાત હોટલના પાર્કીંગમાં ગાડી પાર્ક કરી લમણે ગોળી મારી દઈ દિપેન ફળદુએ કરેલા આપઘાત પ્રકરણમાં મોતને ભેટેલા દિપેન ફળદુ સામે આર્મ્સ એક્ટનો ગુનો દાખલ થવા પામ્યો છે. ગાંધીનગર એસઓજીએ હથિયાર ક્યાંથી આવ્યુ તે સહિતની વિગતો બહાર લાવવા તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ આ ગુનામાં ફરાર આઠ સાસરીયા આરોપીની ધરપકડ માટે વિવિધ ટુકડીઓ બનાવી ડભોડા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

બે દિવસ અગાઉ રાત્રીના અરસામાં કુડાસણના જમીન દલાલ દિપેન ફળદુએ શાહપુર લવારપુર માર્ગ પર સ્થિત ગુજરાત હોટલના પાર્કીંગમાં પોતાની ગાડીમાં જ લમણે ગોળી મારી સ્યુસાઈડ કરી લીધુ હતુ. આ પ્રકરણમાં દિપેને લખેલી સ્યુસાઈડ નોટને આધારે તેના પિતાની ફરીયાદ મુજબ આઠ સાસરીયાઓ સામે ડભોડા પોલીસે ગુનો દાખલ કર્યો હતો. તે ઉપરાંત આપઘાત કરી લેનાર દિપેન સામે આર્મ્સ એક્ટનો ગુનો પણ પોલીસે દાખલ કર્યો છે.

દિપેન દેશી પિસ્ટલ ક્યાંથી લાવ્યો તે અંગેની તપાસ ગાંધીનગર એસઓજીએ શરૂ કરી છે. જો કે સ્યુસાઈડ નોટમાં ઉલ્લેખ છે કે દિપેનના સાળા અને મામા સસરાના દિકરાએ તેને દેશી પિસ્ટલ આપી હતી. એસ.ઓ.જી.ની ટીમે તે દિશામાં ઊંડી તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ દિપેનને મારી નાંખવાની ધમકીઓ આપી આપઘાત કરવા મજબુર કરનાર આઠ સાસરીયાઓની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

# ગાંધીનગરમાં પ્રથમવાર મહિલા સાયકલ રેલી યોજાશે

## તા. ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિને ઐતિહાસિક મહિલા સાયકલ રેલીનું આયોજન : વહેલી સવારે ઘ-૦ થી મહાત્મા મંદિર સુધી રેલી યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

આગામી તા. ૮મી માર્ચ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ધામધૂમથી ઉજવણી કરાશે. ગાંધીનગરમાં ગ્રીન ગર્લ્સ સંસ્થા દ્વારા જીઉ સાયકલ ક્લબ અંતર્ગત આ દિવસે ઐતિહાસિક 'મહિલા સાયકલ રેલી'નું આયોજન કકરવામાં આવ્યુંછે. આ રેલી તા. ૮મી માર્ચે સવારે ૬.૩૦ કલાકે ઘ-૦ થી પ્રારંભ થશે અને તેનું સમાપન મહાત્મા મંદિર ખાતે કરાશે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી અંતર્ગત ગાંધીનગરમાં પ્રથમવાર મહિલા સાયકલ રેલીનું આયોજન કરાયું છે. આ રેલીનો ઉદેશ પ્રદૂષણ ફેલાવતા યાંત્રિક વાહનોના વિકલ્પે માનવશક્તિથી ચાલતા, પોષણક્ષમ, આરોગ્યપ્રદ અને આવાગમનના સલામત સાધન તરીકેના ફાયદાઓ બાબતે શહેરીજનોને સંવેદનશીલ થવા તથા તે અંગે મહિલાઓમાં જાગૃતિ કેળવવાનો છે. આ રેલીમાં ભાગ લેવા માટે ગાંધીનગરની તમામ મહિલાઓને ગ્રીન ગર્લ્સ દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

મહિલા સાયકલ રેલીમાં ભાગ લેવા માટે દરેક સાયકલીસ્ટે પોતાના નામનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન માટે પ્રીતિ સોનવણેનો પ્લોટ નં. ૭૪૪/૧, સે. ૫-બી ખાતે અથવા ભૂમિ જોગણીનો પ્લોટ નં. ૭/૨, સેક્ટર-૨-એ ખાતે સંપર્ક કરવા જણાવાયું છે.

# આજે સાદરામાં નિઃશુલ્ક સર્વ રોગ નિદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર તાલુકાના સાદરા ખાતે મહાદેવભાઈ દેસાઈ શારિરીક શિક્ષણ મહાવિદ્યાલય ખાતે તા. ૧લી માર્ચ રવિવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિદાન કેમ્પનું આયોજન ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવભાઈ દેસાઈ શારિરીક શિક્ષણ મહાવિદ્યાલય દ્વારા સ્વ. ડૉ. પ્રમોદભાઈ શાહ મેમોરિયલ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી કરવામાં આવ્યું છે.

આ સર્વરોગ નિદાન શિબિરમાં હૃદયરોગ, બ્લડ પ્રેશર, ડાયાબીટીશ, ટીબી, ઝેરી કમળો, શ્વાસના રોગો, સારણગાંઠ, થાઈરોઈડ, મસા-ભંગદર, પેશાબના રોગો, હાડકાં, ખોડખાંપણના રોગો, વા-સંધિવા, સ્ત્રી રોગો, બાળરોગો, એલર્જી, જાતીય રોગો, ચામડીના રોગો અને દાંતને લગતા રોગોનું નિદાન કરાશે. આ શિબિરમાં ડૉ. જયેશ શાહ, ડૉ. સેશીલ પરમાર, ડૉ. રીટા શાહ, ડૉ. જે.ડી. પ્રજાપતિ, ડૉ. વિજય ઉપાધ્યાય, ડૉ. પ્રેરક મોદી, ડૉ. રાજન દોશી, ડૉ. સૌરભ કાપડિયા, ડૉ. હર્ષિત શાહ, ડૉ. સેજલ શાહ અને અમદાવાદ ડેન્ટલ હોસ્પિટલની દાંતના ડોકટરોની ટીમ સેવાઓ આપશે.

## નગરમાં દ્વિ-માસિક યોગ શિબિરનું આયોજન

ગાંધીનગર શહેરના જાણીતા યોગગુરૂ મુકેશ પ્રજાપતિ દ્વારા બે માસની ત્રણ યોગ શિબિર યોજવામાં આવશે. શિબિરમાં જાડિયાપણુ, ડાયાબિટીસ યોગ, આયુર્વેદ, આધ્યાત્મિતા, જીવનશૈલી સહિત પર માર્ગદર્શન અને કસરતો કરાવવામાં આવશે. બે માસની શિબિર તા. ૧ માર્ચથી ૩૦મી એપ્રિલ દરમિયાન યોજાશે. શિબિર સવારે ૫.૩૦થી ૯.૦૦ દરમિયાન તેમજ સાંજે ૫.૪૫ થી ૭.૧૫ સુધી બે ભાગમાં યોજાશે. શિબિરમાં ભાગ લેવા સે-૭ સ્થિત બી-૪ શિવ કોમ્પ્લેક્ષ, સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૫ થી ૮ દરમિયાન નામ નોંધાવવા જણાવાયુંછે. શિબિરમાં ફકત વ્યવસ્થાપન ખર્ચ લેવામાં આવશે. મોટી સંખ્યામાં શિબિરનો લાભ લેવા નગરજનોને અપીલ કરવામાં આવી છે.

# અરવિંદ કેન્દ્રમાં માતૃવંદનાના વિવિધ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા.૨૮

પોંડિચેરી સ્થિત શ્રી અરવિંદ આશ્રમના 'માતાજી'ની ૧૩૮મી જન્મજયંતિ નિમિત્તે અરવિંદ કેન્દ્ર ગાંધીનગર ખાતે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

શ્રી અરવિંદ અને શ્રી માતાજીના જીવન તથા તેમણે વિદ્યાર્થીઓ, માતા પિતાના કર્તવ્ય અને શિક્ષણ અંગેના મંતવ્યો વિષે નિબંધ સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં ધો-૫ થી કોલેજ સુધીના ૧૧૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ત્રણે વિભાગના પ્રથમ ચાર સ્પર્ધકોને ઈનામ અને દરેક સ્પર્ધકને પ્રોત્સાહક ઈનામ-પ્રમાણપત્રો આપવામાં આવ્યા. આ સ્પર્ધામાં બે વયસ્ક મહિલાઓએ ભાગ લીધો હતો.

શ્રી માતાજીના જન્મદિને સવારે પ્રાર્થના ધ્યાન પછી મગોડી ખાતેના વૃધ્ધાશ્રમના નાગરિકોને આમંત્ર્યા હતા. કેન્દ્રના અધ્યક્ષશ્રી અને જાણીતા લેખિકાશ્રી જયોતિબેન થાનકીએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. ટ્રસ્ટીઓ તથા સભ્યશ્રીએ રૂ. ૫૫૫૧નો ફાળો વૃધ્ધાશ્રમને અર્પણ કરેલ હતો. વરિષ્ટો-વૃધ્ધો સાથે સમુહભોજન લીધું હતું.

અરવિંદ કેન્દ્રમાં ચાલતા સંગીત અને નૃત્યના વર્ગો તાલીમાર્થીઓએ માતૃવંદના કરી હતી. શ્રી માતાજીના જીવનની ઝાંખી કરાવતો વીડીયો શૉ બતાવેલ હતો.

## ભાવનગર ખોડિયાર માતાજીના દર્શન માટે આજે રાંદેસણથી લગઝરી ઉપડશે

ભાવનગર સ્થિત ખોડિયાર મંદિરે ભાવિકોને દર્શન માટે લઈ જવા રાંદેસણ ગામના અગ્રણી અને ગુજરાત એસોસિએશન ઓફ લોયર્સના પ્રમુખ અજીતસિંહ ગોહિલ દ્વારા દર વર્ષે સંઘનું આયોજન કરવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષથી તેમના દ્વારા માઈ ભક્તોને લગઝરી મારફતે વિનામૂલ્યે ખોડિયાર માતાજીના દર્શન માટે લઈ જવામાં આવે છે. જેના ભાગ રૂપે આ વર્ષે પણ તા. ૧ માર્ચના રોજ સિટીપલ્સ નજીક સ્થિત રાંદેસણ ગામથી સવારે ૬.૦૦ વાગે લગઝરી બસ પ્રસ્થાન કરશે. અંદાજીત ૨૦૦થી વધુ માઈભક્તો વિનામૂલ્યે સંઘમાં જોડાઈ માતાજીના દર્શનનો લાભ લેશે.

# મહાત્મા મંદિર રોડ પરથી વધુ એક બાઈક ચોરાયુ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરના વિધાનસભાથી મહાત્મા મંદિર સેન્ટ્રલ વિસ્ટાના બગીચા પર વિદ્યાર્થીઓ-મુલાકાતીઓ અને સહેલાણીઓની અવર-જવર ખુબ વધી છે. ત્યારે આ સેન્ટ્રલ વિસ્ટા બહારના રોડ પર પાર્ક કરેલા વાહનોની ચોરી વધવા લાગી છે. અઠવાડીયા પહેલા જ એક બાઈક ચોરીની ફરીયાદ સે. ૨૧ પોલીસ મથકે નોંધાવા પામી હતી. ત્યારે વધુ એક બાઈક ચોરીનો બનાવ પોલીસ ચોપડે નોંધાવા પામ્યો છે. સે. ૧૪ ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાન નં. ૪/૩૭ ખાતે રહેતા દિનેશભાઈ નરેન્દ્રભાઈ પંચાલે ૩૧ જાન્યુઆરીએ મહાત્મા મંદિર સામેના બગીચા બહાર રોડ પર તેનું સ્પ્લેન્ડર બાઈક નં. જીજે.૧૮જે ૩૮૪૭ પાર્ક કર્યુ હતુ. આ બાઈકની ઉઠાંતરી કરી કોઈ વાહનચોર પલાયન થઈ ગયો હતો. આસપાસના વિસ્તારમાં વાહનમાલીકે બાઈકની શોધખોળ કરી પરંતુ મળી ન આવતા અંતે સે. ૨૧ પોલીસ મથકમાં રૂ. ૧૦ હજારની કિંમતના બાઈકની ચોરી અંગે ફરીયાદ આપી હતી. સે. ૨૧ પોલીસે વાહનચોરી અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

## પેથાપુરમાં સ્વાઈન ફ્લુ પ્રતિરોધક ઉકાળાનું વિતરણ

પેથાપુર મિત્ર મંડળ દ્વારા પેથાપુર ગામમાં સ્વાઈન ફ્લુ પ્રતિરોધક ઉકાળાનું મફત વિતરણ કરવામાં આવશે. ગામના અલગ અલગ વિસ્તારમાં તા. ૧ થી ૫ માર્ચ દરમિયાન સવારે ૮ થી બપોરના ૧૨ કલાક દરમિયાન પેથાપુર ચાર રસ્તા, પેથાપુર સરકારી દવાખાનુ, પેથાપુર બજાર, સ્વપ્રી વિલા સોસાયટી, વાંટા વિસ્તાર, બળિયાદેવ મંદિર અને ચંદ્રીકામાતા ચોક ખાતે વિતરણ કરવામાં આવશે. જેનો પેથાપુર ગામના રહિશોએ લાભ લેવા જણાવવામાં આવ્યું છે.



**જીંડવાના મુકિતધામનું નવીનીકરણ કરાયું**

દહેગામ તાલુકાના જીંડવા ખાતે ગ્રામજનો અને દાતાઓના સહકારથી મુકિતધામનું નવીનીકરણ કરવામાં આવ્યું છે. જેમાં અદ્યતન સવલતોની વ્યવસ્થા કરાઈ છે. આ મુકિતધામનું તા. ૨૨મી ફેબ્રુઆરીએ લોકાર્પણ કરાયું હતું. જે માટે તેને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યું હતું. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# મિનારક, અધિક અષાઢ અને સિંહસ્ય વર્ષના કારણે આગામી ચૌદમાસ શુભકાર્યો માટે વજર્ય

## સિંહસ્ય વર્ષમાં પ્રયાગ, હરિદ્વાર, નાસિક અને ઉજ્જૈનમાં કુંભમેળાનું ભવ્ય આયોજન થાય છે

ગાંધીનગર, તા. ૨૮

હિંદુ સંસ્કૃતિ અનુસાર ગ્રહો, નક્ષત્રો અને રાશિ આધારે શુભકાર્યો શુભ મુહૂર્તમાં આયોજીત થતા હોય છે. બુધવારથી હોળાષ્ટકનો પ્રારંભ થઈ ચુક્યો છે. પંચાગ અને જ્યોતિષવિદોના જણાવ્યા મુજબ તે પછી ચૌદ માસ અને દસ દિવસ સુધી મિનારક, અધિક અષાઢ અને સિંહસ્ય વર્ષના કારણે શુભકાર્યોને વજર્ય ગણ્યા છે. જેથી વૈશાખ માસમાં લગ્ન માટે આઠ શ્રેષ્ઠ મુહૂર્ત આપેલા છે. જેમાં છેલ્લુ મુહૂર્ત ૧૨ જુને ગણાઈ રહ્યું છે. માટે શુભ અવસરની ઈચ્છાવાળાઓએ આ વૈશાખમાં પોતાનું આરંભેલુ કાર્ય પૂર્ણ કરવાનો શ્રેષ્ઠ સમય મનાય છે. અન્યથા ચૌદ માસની રાહ જોવી પડશે તેવું ગ્રહો આધારિત ગણાઈ રહ્યું છે.

હિંદુ તહેવારોમાં હોળીના સાત દિવસ અગાઉનો સમય હોળાષ્ટક કહેવાય છે. જે તા. ૨૫-૨-૧૫ થી ૫-૩-૧૫ સુધી છે. જેમાં પણ શુભકાર્યો થતા નથી. જે પછી દસ દિવસ શુભકાર્યો થઈ શકે છે અને તે પછી ૧૫-૩-૧૫ થી (ફાગણ વદ નોમ)થી ૧૪-૪-૧૫ (ચૈત્ર વદ દસમ) સુધી મિનારક (કમુર્હતા) હોવાથી શુભ કાર્યો થઈ શકતા નથી. ઉપર મુજબની વિગતો સાથે તલોદના શાસ્ત્રી ભરતભાઈ જણાવે છે કે વૈશાખ માસમાં લગ્ન તથા શુભકાર્યો માટે આઠ મુહૂર્ત શ્રેષ્ઠ આપેલા છે. જેમાં છેલ્લુ મુહૂર્ત તા. ૧૨-૬-૧૫ના રોજ છે. ત્યારબાદ તા. ૧૪-૬-૧૫થી અધિક અષાઢ માસનો પ્રારંભ થાય છે. અને તા. ૧૪-૭-૧૫ના રોજ ગુરૂમહારાજ સિંહરાશીમાં પ્રવેશ કરે છે. જેને સિંહસ્ય ગુરૂ વર્ષ ગણવામાં આવે છે.

શાસ્ત્રી જણાવે છે કે દેવો અને દાનવોએ સમુદ્ર મંથન દ્વારા ચૌદ રત્નો સમુદ્રમાંથી મેળવ્યા હતા અને છેલ્લે અમૃત કુંભ સમુદ્રમાંથી નીકળ્યો હતો. આ અમૃત કુંભ મેળવવા યુદ્ધ થયું અને ઈન્દ્રનો પુત્ર જયંત આ કળશ લઈ ભાગી ગયો હતો. આ ભાગ દોડમાં દેવોના ૧૨ દિવસ અર્થાત મનુષ્યના પૃથ્વી ઉપરના ૧૨ વર્ષ લાગ્યા હતા. આ ૧૨ દિવસમાં ચાર સ્થાન ઉપર અમૃત કુંભમાંથી જે અમૃત પડ્યુ તે ચાર સ્થાન એટલે પ્રયાગ, હરિદ્વાર, નાસિક અને ઉજ્જૈનમાં કુંભ મેળા ઉજવાય છે.

આ સમયે જયંત અને કુંભની રક્ષા સૂર્ય, ચંદ્ર અને ગુરૂએ કરી હતી. જેમાં ગુરૂએ દાનવોથી કુંભની રક્ષા કરી, સૂર્યએ કુંભને તુટવાથી બચાવ્યો અને ચંદ્રએ કુંભને અમૃત સાથે બચાવ્યો અને આજ કારણે ગુરૂ, સૂર્ય, ચંદ્ર જે રાશિમાં હતો તે રાશિ પર જ્યારે ફરી પાછા આવે ત્યારે જ તે સ્થાનોમાં કુંભ પર્વ ઉજવાય છે અને સિંહસ્ય વર્ષ દરમ્યાન બનતુ હોય છે. જેમાં કુંભ રાશિમાં ગુરૂ હોય તે વખતે મેષના સૂર્યમાં કુંભ મેળો હરિદ્વારમાં ઉજવાય છે. વૃષભરાશિમાં ગુરૂ હોય તે વખતે મકરના સૂર્યમાં કુંભમેળો પ્રયાગમાં ઉજવાય છે. સિંહ રાશિમાં ગુરૂ હોય તે વખતે સિંહના સૂર્યમાં કુંભમેળો નાસિકમાં ઉજવાય છે અને સિંહ રાશિમાં ગરૂ હોય એ વખતે મેષના સૂર્યમાં કુંભમેળો ઉજ્જૈનમાં ઉજવાય છે. તેમજ ગુરૂ અને સૂર્ય સિંહ રાશિમાં હોય ત્યારે નાસિકમાં કુંભ સ્નાન પણ થાય છે.

૧૪ જુલાઈ ૨૦૧૫ના રોજ ગુરૂ મહારાજ સિંહરાશિમાં પ્રવેશ કરે છે. અને ગુરૂ-શિષ્યની પરંપરાના કારણે સિંહસ્ય ગુરૂ દરમ્યાન ચૌલકર્મ, જનોઈ, લગ્ન, દેવયાત્રા, વ્રત, ઘરબાંધવું, દેવ પ્રતિષ્ઠા, સન્યાસ તથા કાન વિંધવા જેવા કર્મો વજર્ય બને છે. ચાલુ વર્ષે અધિક અષાઢ છે તથા સંવત ૨૦૭૨ના કારતક, માગશર, પોષ, મહા, ફાગણ માસમાં સિંહસ્યગુરૂ દરમ્યાન ગંગાનદીના ઉત્તરે તથા ગોદાવરી નદીના દક્ષિણે શુભ કાર્ય થી શકે તેવું શાસ્ત્રી ભરતભાઈ જણાવે છે.

તેઓ વધુમાં જણાવે છે કે કન્યાંસ્ય ગુરૂ બલમં વરસ્ય ભાસ્કરમ્, બલમ્ અર્થાત કન્યાને ગુરૂબળ અને વરને સૂર્ય બળ હોય તો જ લગ્ન થઈ શકે છે. અને સિંહસ્ય વર્ષણાં ગુરૂ અને સૂર્યનું બળ પ્રાપ્ત થતુ નથી જેથી લગ્ન માટે ત્યજ બન્યુ છે. આમ શરૂ થયેલા હોળાષ્ટક બાદ વૈશાખ મહિના સિવાય આગામી ચૌદ માસ જેટલો સમય શુભ કાર્યો માટે યોગ્ય નથી. અને ગુરૂ મહારાજ સિંહરાશીમાંથી તા. ૧૧-૮-૨૦૧૬ આઠમને ગુરૂવારના રોજ બહાર આવશે. તે પછી શુભ કાર્યોનો પ્રારંભ થઈ શકશે.

જ્યોતિષવિદો, પંચાંગ અને હિંદુ સંસ્કૃતિની પરંપરાઓ મુજબ ગ્રહો, નક્ષત્રો, રાશિ તથઆ અન્ય પરિબળો આધારે ઉભા થતા સંજોગો મુજબ તહેવારો, તિથિઓ અને ચોઘડીયા નક્કી થાય છે ત્યારે સિંહસ્ય વર્ષના સંજોગો પણ સ્વીકારવા જ રહ્યા તેવું જ્યોતિષવિદો જણાવી રહ્યા છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૩
સૂર્યાસ્ત : ૬.૪૩

### તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૩ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૫૨ ટકા ● સાંજે ૩૧ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

અબ તક-૫૬ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :

દમ લગા કે હૈસા : ૧૧.૩૦, ૪.૩૦, ૧૦.૦૦

જો બકા : ૨.૦૦, ૭.૦૦

સ્ક્રીન-૩ :

જો બકા : ૧૧.૦૦

દમ લગા કે હૈસા : ૧.૩૦, ૭.૦૦

બદલાપુર : ૪.૦૦, ૯.૩૦

**સિટીપલ્સ**

: સ્ક્રીન-૨ :

બદલાપુર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

બદલાપુર : ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦

રોય : ૧૦.૦૦

સ્ક્રીન-૪ :

રોય : ૧૦.૦૦

ષમિતાભ : ૧.૦૦, ૧૦.૦૦

બેબી : ૩.૪૫

સનડામારુથમ (તમિલ) : ૭.૦૦

સ્ક્રીન-૫ :

બદલાપુર : ૧૦.૦૦

રોય : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫

બેબી : ૯.૪૫

### આપની આજ

**મેષ** : આત્મવિશ્વાસથી કાર્ય કરવું. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : માનસિક અસ્થિરતા દૂર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે.વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

### ચિરવિદાય

- સ્વ. કમળાબા બબજી વાઘેલા (ઉ.વ.૯૦) મુ. વાસન મહાદેવ, તા.જી. ગાંધીનગર